# મોડાસા-બાયડ એસ.ટી. ડેપોમાં ૫૦ કર્મચારી કોરોના પોઝિટિવ

## બે નાં મોત, બસ મથકોમાં કર્મચારીઓનું સ્ક્રેનિંગ, સેનેટાઈઝ ભગવાન ભરોસે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

જિલ્લામાં કોરોનાના કપરા સમયમાં પણ જીવની પરવા કર્યા વગર એસ.ટી. બસ હંકારતા ડ્રાઈવર-કંડક્ટરો મોટાપ્રમાણમાં કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. મોડાસા, બાયડ એસ.ટી. ડેપોમાં પાછલા ૧૫ દિવસમાં ૫૦ કર્મચારીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે જે પૈકી મોડાસામાં ૨ કર્મચારીઓના મોત નિપજ્યા છે. બસ મથકોમાં કર્મચારીઓનું સ્ક્રેનિંગ અને સેનેટાઈઝ ભગવાન ભરોસે થઈ ગયું છે. સરકાર કોરોના વોરિયર્સને ચેપગ્રસ્ત થયા પછી મૃત્યુના કિસ્સામાં સહાય જાહેર કરી છે ત્યારે એસ.ટી. કર્મચારીઓને પણ લાભ આપવો જોઈએ.

દિવસે..દિવસે કોરોના બેકાબુ બન્યો છે. બીજી લહેર છે કે પછી પ્રથમ લહેરનો જ આ સપાટો છે તેમાં વૈજ્ઞાનિકો અને ડૉક્ટરો ગોથાં ખાઈ રહ્યા છે. ત્રીજી લહેર વધુ વિનાશક બનશે અને બાળકોના મોતની સંભાવના વધુ હોવાની ચિંતા વૈજ્ઞાનિકોએ વ્યક્ત કરી વધુ ને વધુ રસીકરણ માટે સરકારને જાણકારી આપી દીધી છે. ત્યારે માત્ર અરવલ્લી જિલ્લામાં જ છેલ્લા ૨૫ દિવસમાં કોરોનાના કારણે દર્દીઓના ટપોટપ મોત નિપજ્યા છે.. કોરોનાની વિનાશ લીલાથી આખા જિલ્લામાં હાહાકાર મચેલો છે. કોણ કોને મદદ કરે..?? એ જ સમજવું મુશ્કેલ બન્યું છે, દવાઓની અછત છે, હોસ્પિટલો હાઉસફુલ છે, પૈસાદારને જ જીવવું હોય તો પણ પૈસા ખર્ચીને પણ જીવી શક્તો નથી તેવી વિકટ સ્થિતિ છે ત્યારે એસ.ટી. બસના કર્મચારીઓમાં પણ કોરોના જીવલેણ સાબિત થઈ રહ્યો છે. એસ.ટી. બસના ૫૦ કર્મચારીઓ કોરોનાગ્રસ્ત થયા જેમાં ૪૫ કર્મચારીઓ તો મોડાસા એસ.ટી. ડેપોના હોવાનું બહાર આવ્યું છે. જ્યારે બાયડ એસ.ટી. ડેપોમાં ૫ કર્મચારીઓ કોરોના પોઝિટિવ થયા પછી ફરજીયાત હોમ ક્વોરન્ટાઈન કરાયા છે.






### વિજકર્મી સામે પ્રચંડ આક્રોશ

## લીંબ પંથકમાં છેલ્લા ૧૫ દિવસથી વિજ ધાંધિયા, બપોર થાય એટલે વીજળી ડૂલ

### વીજળી ડૂલ કરી હેલ્પર મોબાઈલ સ્વીચ ઓફ કરી દેતા હોવાનો ગંભીર આરોપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડ તાલુકાના લીંબ પંથકમાં છેલ્લા ૧૫ દિવસથી આંતરે દિવસે બપોર થાય એટલે વીજળી ડૂલ થઈ જાય છે જેના કારણે અસહ્ય ગરમીમાં પ્રજા અને હોમ ક્વોરન્ટાઈન દર્દીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વીજળી ડૂલ કરી હેલ્પર મોબાઈલ સ્વીચ ઓફ કરી દે છે તેવો ગંભીર આરોપ કરવામાં આવ્યો છે અને તાબડતોબ હેલ્પરની બદલી નહીં થાય તો લીંબના અનેક યુવાનો તલોદ વિજ કચેરીએ જઈ હલ્લાબોલ કરશે તેમ જણાવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા તમામ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લઈ સળંગ ૨૪ કલાક વિજ પુરવઠો આપવામાં આવે છે. પરંતુ કોણ જાણે કેમ ગમાનપુરા ફીડરમાં સમાવિષ્ટ લીંબ ગામમાં દર ૨ દિવસે બપોર થાય એટલે વીજળી ડૂલ થઈ જાય છે. વીજળી ડૂલ થાય એટલે ૫-૧૦ મીનીટ રાહ જોયા પછી વિજ પુરવઠો શરૂ ન થાય એટલે હેલ્પરને ફોન કરવામાં આવે તો મોબાઈલ સ્વીચ ઓફ આવે છે. આ સમસ્યા છેલ્લા ૧૫ દિવસથી સર્જાઈ છે. વિજ કર્મી ઈરાદાપૂર્વક માત્ર લીંબ પંથકમાં જ વિજ પુરવઠો ખોરવતા હોવાના ગંભીર આક્ષેપ સાથે આ વિસ્તારના ભાજપના આગેવાન હિતેન્દ્રસિંહ ટી. ચૌહાણે જણાવ્યું છે કે આ બાબતે ઉત્તર ગુજરાત વિજ કંપનીના તલોદ વર્તુળના કાર્યપાલક ઈજનેરને રજૂઆત પછી પણ વારંવર વિજ ધાંધિયાની સમસ્યામાંથી ઉકેલ આવ્યો નથી અને હવે ન છૂટકે આ વિસ્તારના યુવાનો વીજળીના ધાંધિયાથી ત્રાસ્યા છે જેથી વિજ કંપની આગળ જઈ હલ્લાબોલ કરવાનો નિર્ણય લેવાયો છે. વીજળી વારંવાર ડૂલ થવાના કારણે લીંબ ગામમાં જ કોરોનાગ્રસ્ત ૨૦ થી વધુ દર્દીઓ હોમ ક્વોરન્ટાઈન છે અને અનેક વૃદ્ધો પણ વાયરલ ઈન્ફેક્શનની ઝપેટમાં છે તે તમામ દર્દીઓ વીજળી ડૂલ થાય એટલે ત્રાસદાયક સ્થિતિમાં આવી જાય છે.

## ક્રૂર કોરોના : ગાજણમાં એક જ પરિવારના ૩ને કોરોના, પિતા-પુત્રનાં મોત

### એક જ સપ્તાહમાં સાસુ-વહુ વિધવા બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

કોરોના અમને શું કરી લેવાનો છે..?? આવા ઘમંડમાં રહેશો નહીં જેને કોરોના થયો છે તેને પૂછી આવો અનેક પરિવારો બરબાદ થઈ ગયા છે. ઘર ઉજડવા લાગ્યા છે, મોડાસા તાલુકાના ગાજણમાં એક જ પરિવારના ૩ ને કોરોના થયો જેમાં એક સપ્તાહના અંતરે પિતા-પુત્રનાં મોત નિપજતાં હાહાકાર મચ્યો છે. એક જ સપ્તાહમાં સાસુ-વહુ વિધવા બન્યાની કરૂણ ઘટનાએ સૌને હચમચાવી દીધા છે. જ્યારે કોરોનાગ્રસ્ત ભૂરીબેન પરમાર મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે તેમને પતિ અને પુત્રનું મોત નિપજ્યું છે તેની જાણકારી અપાઈ નથી.

કોવિડ-૧૯ની મહામારીને સહજ લેવાની ભૂલ કરવા જેવી નથી. માત્ર અરવલ્લી જિલ્લાની વાત કરવામાં આવે તો ભલે સરકારી દફતર જે આંકડા જાહેર કરે તે પરંતુ સ્મશાન ઘાટના આંકડા ક્યારેય ખોટા ન હોય. અહીંયાં કોઈ બનાવટી મડદાં સળગાવાતાં નથી. સ્મશાન ગૃહમાં દરરોજના ૨૦ થી ૨૫ મૃતદેહોને અગ્નિ સંસ્કાર આપવામાં આવી રહ્યા છે. કરૂણતા તો જુઓ મડદાં બાળવા માટે લાકડાં ખૂટી પડ્યાં છે. ખુદ સરકારે વન વિભાગને કહેવું પડે છે કે મૃત્યુદર ઉંચકાયો છે એટલે જલાઉ લાકડા જે તે સ્મશાન ગૃહને માંગણી મુજબ મફત આપવા..બસ આજ આદેશથી પ્રજાએ ગંભીર બનવાની જરૂર છે. મોડાસાના ગાજણના અમરસિંહ પરમાર કોરોનાગ્રસ્ત થયા ત્યારબાદ તેમનો પુત્ર કોરોનાગ્રસ્ત થયો બંન્ને માટે કોરોના જીવલેણ સાબિત થયો. ભૂરીબેન પરમાર કોરોનાથી સંક્રમિત થયાં અને હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે આજે પણ પરિવારના સભ્યો ઘરમાં કંઈ બન્યું નથી તે રીતે ભૂરીબેનની ખબર લેવા જાય છે, ટીફીન પહોંચાડે છે અને બહાર આવ્યા પછી ધ્રુસ્કે..ધ્રુસ્કે રડી પડે છે આ કરૂણતા માત્ર ગાજણ ગામની નથી. જિલ્લાના અનેક વિસ્તારોમાં આવાં કરૂણ બનાવો બન્યા છે.





**મૃતક દશરથ પરમારના પુત્રોને મોસાળ મોકલાયા..**

ગાજણના પરમાર પરિવારની કુદરતે અગ્નિ પરીક્ષા લઈ લીધી. સપ્તાહમાં પિતા-પુત્રના મોત અન્ય સભ્યો કોરોનાગ્રસ્ત જેથી મૃતક દશરથ પરમારના બે નાના દિકરાઓને કોરોનાનું સંક્રમણ ન થાય તે માટે મોસાળ મામાના ઘરે મોકલ્યાનું જાણવા મળ્યું છે.

### સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાગ્રસ્ત

## ૧૦થી વધુ દર્દીના સગાઓના ટોસીલીઝૂમેબ ઈન્જેક્શન માટે વલખાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાગ્રસ્ત ૧૦ થી વધુ દર્દીઓને બચાવવા માટે ડૉક્ટરો દ્વારા ટોસીલીઝૂમેબ ઈન્જેક્શન લાવવા માટે સગાઓને જાણ કરી છે. છેલ્લા એક સપ્તાહની રઝળપાટ પછી પણ બજારમાં અંદાજીત રૂા.૪૦ હજારના ભાવે મળતા ઈન્જેક્શન માટે રૂા.દોઢ થી બે લાખ આપવાની તૈયારી છતાં ઈન્જેક્શન નસીબ થયું નથી. કંપનીનું ઉત્પાદન જ બંધ છે અને ઉત્પાદક કંપની વર્ષોથી વિદેશમાંથી ઈન્જેક્શનની આયાત કરે છે પરંતુ તેના સપ્લાય ઉપર રોક લાગી છે જેથી આવા દર્દીના સગાઓ કોઈ લેભાગુના હાથે છેતરાય નહીં તે જરૂરી છે.

છેલ્લા કેટલાક સમયથી કોરોના વાયરસનું સ્વરૂપ બદલાયાની ચિંતા વૈજ્ઞાનિકોએ વ્યક્ત કરી છે. કોરોનાની બીજી લહેરમાં સૌથી વધુ મોત નિપજ્યા છે. સંક્રમિત કેસમાં સતત ઉછાળો આવી રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લીમાં છેલ્લા એક મહિનામાં કોરોનાના કારણે યુવાનોના મોતમાં વધારો થયો છે. જ્યારે જિલ્લાની સરકારી કોવિડ અને ખાનગી કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને સાજા કરવા માટે રેમડેસિવિર ઈન્જેક્શનની સાથે સ્ટીરોઈડ આપવામાં આવ્યું હતું અને તેની આડઅસર જૂજ દર્દીઓમાં જોવા મળી. અનેક દર્દીઓ મ્યુકર માઈક્રોસીસની ઝપેટમાં આવી જાય તેવી સંભાવના છે. પરંતુ જે વેન્ટીલેટર ઉપર છે તે પૈકીના અનેક દર્દીઓને શરીરમાં ફંગસ ઈન્ફેક્શન પ્રસરવા લાગ્યું છે અને તેના માટે ટોસીલીઝૂમેબ ઈન્જેક્શન એકમાત્ર અટકાયતી વિકલ્પ બચ્યો છે. પરંતુ દુર્લભ બનેલા ઈન્જેક્શન કોઈની પાસે પણ નથી કેટલાક દર્દીઓના સગાઓએ તો વિખ્યાત ડૉક્ટરો, રાજકીય આગેવાનો, સરકારના મંત્રીઓના સંપર્ક કરીને પણ પોતાના સ્વજનને બચાવવા ઈન્જેક્શન લઈ આપવાની આજીજી કરી પરંતુ ઈન્જેક્શન ક્યાંય ઉપલબ્ધ નથી આ સંજોગોમાં નકલી રેમડેસિવિર ઈન્જેક્શન જેવું તરકટ ન થાય તેની સરકાર અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે તકેદારી રાખવી પડશે.

### પ્રજાને મુર્ખ બનાવવાનું બંધ કરો

## અરવલ્લીમાં કોરોનાગ્રસ્ત ૮૪ દર્દી સાજા થયા પણ બેડ ખાલી કેમ થતા નથી..??

### અન્ય જિલ્લામાં રિકવરી રેટ "૦" આંકડાની માયાજાળ ઉભી કરવામાં માહેર અરવલ્લીમાં બધું હંબગ ચાલતું હોવાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

અરવલ્લી જિલ્લામાં સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલો કોરોનાગ્રસ્ત દર્દીઓથી ઉભરાઈ રહી છે. દર્દીઓ માટે બેડ નથી અનેક દર્દીઓ ગંભીર હાલતમાં ઈમરજન્સી-૧૦૮ અને ખાનગી એમ્બ્યુલન્સમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે ત્યારે પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા પૈકી એકમાત્ર અરવલ્લીમાં કોરોનાગ્રસ્ત ૮૪ દર્દી સાજા થઈને ઘરે પહોંચ્યાનો રિપોર્ટ આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયો છે. જેની પ્રસંશા થવી જોઈએ પરંતુ ૮૪ દર્દી સાજા થયા તો પછી ખાલી થયેલા બેડ ક્યાં ગયા..?? અનેક દર્દીઓને બેડ મળતા નથી, આરોગ્ય વિભાગ જિલ્લાની પ્રજાને મુર્ખ બનાવવાનું બંધ કરે હવે બહું થયું. જિલ્લામાં આરોગ્ય વિભાગથી ત્રાસેલી પ્રજા અપનાહાથ જગન્નાથની જેમ અવાજ ઉઠાવી તંત્ર સામે મોરચો માંડે તે દિવસો દૂર નથી. ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લા બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠામાં ૨૪ કલાક દરમ્યાન એકપણ દર્દી સાજો થયો નથી તો પછી અરવલ્લી આરોગ્ય વિભાગને એવી કઈ જડીબુટ્ટી મળી જેથી અસંખ્ય દર્દીઓ સાજા થઈ ગયા.!!

ઉત્તર ગુજરાત કોરોનામાં રીતસરનું કણસી રહ્યું છે. વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને સારવાર માટે વેન્ટીલેટર છે પરંતુ ટેકનિકલ સ્ટાફના અભાવે અનેક જીંદગીઓ હોમાઈ રહી છે. વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં સ્ટાફ ન હોય તો વેન્ટીલેટર અન્ય હોસપિટલોમાં જરૂરીયાતમંદ દર્દીઓના જીવ બચાવવાની માણસાઈ પણ ભૂલાઈ છે. અરવલ્લીમાં સાચી વાસ્તવિક્તા એ છે કે કોવિડ હોસ્પિટલોમાં ઓછા સ્ટાફના કારણે આરોગ્ય સેવા ખાડે ગઈ છે. પરંતુ કેમ કોઈ હરફ ઉચ્ચારતું નથી. જિલ્લામાં દરરોજ ૨૦ થી ૨૫ લોકો કોરોનાથી મરી રહ્યા છે અને માત્ર ૨ થી ૪ મોતના આંકડા જાહેર થઈ રહ્યા છે. પાછલા ૨૪ કલાકની વાત કરીએ તો ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં કુલ-૧૪ જણના મોત નિપજ્યા છે અને ૧૦,૬૮૭ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. પરંતુ સૌથી આશ્ચર્ય પમાડે તેવી બાબત એ છે કે બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં એકપણ દર્દી ૨૪ કલાક દરમ્યાન કોરોનાને હરાવીને સાજો થયો નથી. જ્યારે અરવલ્લીમાં અધધ ૮૪ દર્દીઓ સાજા થયાના આંકડામાં કેટલું સત્ય છે તે ચકાસવાનો સમય આવી ગયો છે.

## રાહત : સાબરકાંઠામાં કોરોના પોઝિટિવ કેસ ઘટ્યા, માત્ર ૮૪ કેસ : કોરોનાનું સંક્રમણ ઘટવાની સંભાવના

સાબરકાંઠા જિલ્લામાં સપ્તાહ પછી કોરોનાના રાહતરૂપ સમાચાર છે. શુક્રવારે માત્ર ૮૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ મૃત્યુ આંક ૧૧૩ ઉપર પહોંચ્યો છે. આગામી દિવસોમાં કોરોનાનું સંક્રમણ ઘટવાની સંભાવના વધી છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાની સાથે મૃત્યુદર ઉંચકાયો હતો. સંક્રમણ વધતાં પ્રજાએ કોરોના ટેસ્ટીંગ માટે દોટ લગાવી છે જેના કારણે એન્ટિજન ટેસ્ટ કિટ અનેક વિસ્તારોમાં ખૂટી પડ્યાના અહેવાલ છે. અત્યાર સુધી કોરોના દરરોજ સદી ફટકારતો હતો પરંતુ એકાએક કોરોનાનું સંક્રમણ ઘટ્યું હોય તેમ તા.૭ મે.ના રોજ આરોગ્ય વિભાગના દફતરે માત્ર ૮૪ પોઝિટિવ કેસ નોંધાયા છે આ સાથે સાબરકાંઠામાં કુલ પોઝિટિવ કેસ ૪૯૮૪ અને તેમાંથી ૩૭૮૨ દર્દીઓ સાજા થઈ જતાં ઘરે પરત ફર્યા છે. કોરોનાના ૧૦૮૯ એક્ટિવ કેસ છે.

## ગાયત્રી શક્તિપીઠ, બાયડ-સ્મશાનમાં અંતિમ સંસ્કાર માટે લાકડાંની વ્યવસ્થામાં સહાય કરશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

જિલ્લામાં કોરોના મહામારીમાં અનેક દર્દીઓના મોત થઈ રહ્યા છે. મોતના આંકડા અત્યંત ચોંકાવનારા છે. જિલ્લાના અનેક સ્મશાન ગૃહોમાં અંતિમ સંસ્કાર માટે લાકડાં ખૂટી જાય તેવી સ્થિતિ પણ ક્યારેક જોવા મળે છે. બાયડના સેવાભાવિઓ ઉપરાંત આર.એસ.એસ.ના કાર્યકર્તાઓએ સ્મશાન ગૃહમાં મફત લાકડાં પહોંચાડવાની સેવા શરૂ કર્યા પછી હવે ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા શાંતિકુંજથી થયેલા આદેશ મુજબ સ્મશાનમાં અંતિમ સંસ્કાર માટે લાકડાંની અછત વર્તાતી હોવાથી ગાયત્રી પરિજનોએ પોતાની યથાશક્તિ પ્રમાણે ફાળો આપવા આહવાન કરતાં ઉદાર હાથે ફાળો આપવાનું શરૂ થયું છે.

જિલ્લાના મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા તાલુકામાં છેલ્લા ૨૫ દિવસમાં કોરોના તેમજ અન્ય બિમારીના કારણે ૪૦૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. અનેક સ્મશાન ગૃહોમાં લાકડાં ખૂટી પડતાં મદદ માટે અપીલ સોશ્યલ મીડીયામાં જોવા મળી હતી. જેના કારણે મોડાસા, વાત્રક સહિતના અનેક સ્મશાન ગૃહોમાં મફત લાકડાંની સેવા આપવાની શરૂઆત થઈ છે. રાજ્ય સરકારે પણ વન વિભાગને સ્મશાન ગૃહોની જરૂરીયાત મુજબ જલાઉ લાકડાં આપવા માટે પરીપત્ર કર્યો હોવા છતાં જિલ્લાનો વન વિભાગ સંવેદના વગરનો બની ગયો છે અને લાકડાં આપવાનાં તો ઠીક પરંતુ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું છે ત્યારે ગાયત્રી શક્તિપીઠ-બાયડ ફરી એકવાર કોરોનાની મહામારીમાં સમાજ પ્રત્યેનું દાયીત્વ અદા કરવા પહેલ કરી છે.

# જો મન સે હારા..વો હારા..મન સે જો જીતા..વો જીતા..કોરોનામાં હિંમત રાખો

### બાયડ તાલુકામાં કોરોનાનો આતંક ફરી વળ્યો, વધુ ૩ યુવાનો સહિત ૪ નાં મોત : ઓક્સિજનના અભાવે ૨ દર્દીના મોત, આરોગ્ય વિભાગની ગંભીર બેદરકારી-સદોષ માનવ વધનો ગુનો નોંધવાની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડ તાલુકામાં કોરોનાનો આતંક ફરી વળ્યો છે. પાછલા ૨૦ કલાકમાં વધુ ૩ યુવાનો સહિત ૪ ને કોરોના ભરખી જતાં બાયડ, ગાબટ, રણેચીમાં માતમ છવાયો છે. ઓક્સિજનના અભાવે ૨ યુવાનોએ દમ તોડ્યો છે. જિલ્લાનું આરોગ્ય વિભાગ અને તંત્ર વાત્રક તેમજ ખાનગી હોસ્પિટલોને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન પુરૂ પાડવામાં નિષ્ફળ જતાં દર્દીઓનાં મોત નિપજી રહ્યાં છે જેથી બેદરકાર તંત્ર સામે સદોષ માનવ વધનો ગુનો નોંધવાની માંગ થઈ છે.

બાયડમાં ૩ ખાનગી અને વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં બાયડ ઉપરાંત અન્ય તાલુકા અને જિલ્લાના અસંખ્ય દર્દીઓને કોરોનાની સારવાર મળી રહી છે પરંતુ છેલ્લા ૨૫ દિવસથી રેમડેસિવિર ઈન્જેક્શન અને ઓક્સિજન પૂરતા પ્રમાણમાં ન મળતાં ૪૫ થી વધુ દર્દીઓના અત્યાર સુધીમાં મોત નિપજ્યા છે. અત્યાર સુધી વૃદ્ધોના મોત નિપજતા હતા પરંતુ પાછલા એક અઠવાડીયામાં જ બાયડ તાલુકામાં કોરોનાનું ડેન્ઝરસ સ્વરૂપ સામે આવ્યું છે અને પાછલા ૨૦ કલાક દરમ્યાન બાયડના જીતેન્દ્ર પ્રજાપતિ, રણેચીના અજય પટેલ, ગાબટના ચેતન સુથારનું કોરોનાના કારણે મોત નિપજ્યું છે. જ્યારે બાયડના રીલાયન્સ પેટ્રોલ પંપ નજીક રહેતા કમરબેગ મિરઝાનું પણ કોરોનાથી મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે. માત્ર બાયડમાં જ પાછલા ૨૦ દિવસમાં ૨૧ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. બાયડમાં દેખાયેલા કોરોનાના ડેન્ઝરસ વાયરસનું રાજ્યના આરોગ્ય વિભાગે વિશ્લેષણ કરવાની જરૂર છે કારણ કે પાછલા ૨૦ દિવસમાં માત્ર બાયડમાં ૨૧ લોકોના મોત નિપજ્યા છે અને તાલુકા સહિત મૃત્યુનો આંકડો ૬૦ થી વધુ હોવાની આશંકા છે.









**બાયડના અનેક વેપારીઓ લોકડાઉનની તરફેણમાં..**

બાયડ : બાયડમાં કોરોનાએ કોહરામ મચાવતાં એક પછી એક દરરોજ મોતનો સિલસિલો શરૂ થયો છે. પાછલા ૧૦ દિવસમાં બાયડમાં ફરસાણ, ઝવેરી, ઓટોમોબાઈલ્સ સહિતના વેપારીઓના મોત નિપજ્યા હતા અને ત્યારબાદ પણ મોતનો સિલસિલો અટકતો નથી જેથી ગત રોજથી બાયડના અનેક વેપારીઓએ વિકરાળ બનતી સ્થિતિને ધ્યાને રાખી લૉકડાઉનની તરફેણ કરી છે.

**માત્ર બાયડમાં જ ૭૦૦થી વધુ લોકો કોરોનાથી સંક્રમિત..**

મોડાસા પછી બાયડમાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. બાયડમાં કોઈનું મોત નિપજે એટલે તેની અંતિમ વિધિ વાત્રક સ્મશાન ગૃહમાં થતી હોય છે. કોરોનાગ્રસ્ત દર્દીનું હોસ્પિટલમાં મોત નિપજે એટલે પી.પી.ઈ. કીટ સાથે જૂજ સબંધીઓની હાજરીમાં અંતિમ વિધિ સ્મશાન ગૃહમાં પૂરી કરવામાં આવે છે જેથી બાયડના લોકોને સાચો મૃત્યુ આંક જાણવા મળતો નથી પરંતુ સ્થિતિ વધુ બેકાબુ છે. માત્ર બાયડમાં જ ૭૦૦ થી વધુ લોકો કોરોનાથી સંક્રમિત છે. દર ૧૦ ઘર દીઠ સરેરાશ ૨ ઘરમાં કોરોના સંક્રમિત દર્દીઓ જોવા મળી રહ્યા છે.